ઓમ્ પરમાત્મનેનમઃ

મિસીસ મેરી

અથવા

છકેલી સ્ત્રી.

કર્તા

કાલિદાસ મોતીરામ દ્વિવેદી, (દવે)

વાંકાનેર નિવાસી.

વસંત તિલકા.

દ્રૌપદ સુતા બચી દુઃશાસન દુઃખમાંથી,
નૈષધ પ્રિયા ઉગરિ રે કાળ મુખમાંથી;
સીતા સતી ઉગરિ લંકપતિ દગાથી,
સર્વે સ્ત્રીઓ ઉતરિ પાર જ સત્યતાથી.

(પ્રમાદ સુંદરી.)

મુંબઈ.

"બૉમ્બે ન્યૂ પ્રેસ" માં છાપ્યું.

સંવત્ ૧૯૫૧ ઇસવી સન ૧૮૯૫.

કિંમત એક આનો.

૬૦૫૪

ओम् परमात्मनेनमः

મિસીસ મેરી

અથવા

છકેલી સ્ત્રી.

કર્ત્તા

કાલિદાસ વિ. મોતીરામ દ્વિવેદી,

વાંકાનેર નિવાસી.

માજી માલિક—વર્તમાન તત્વદર્શક.

વસંત તિલકા.

દ્રૌપદ સુતા બચી દુઃશાસન દુઃખમાંથી,
નૈષધ પ્રિયા ઉગરિરે કાળ સૂખમાંથી;
સીતા સતી ઉગરિ લંકપતિ દગાથી,
સર્વે સ્ત્રીઓ ઉતરિ પારજ સત્યતાથી.

(પ્રમાદ સુંદરી.)

મુંબઈ.

"બૉમ્બે ન્યૂ પ્રેસ" માં છાપ્યું.

સંવત્ ૧૯૫૧ ઇસવી સન ૧૮૯૫,

કિંમત એક આનો.

દેશ દાઝ.

રાહ—ગઝલ.

(ચાલ—ગયા સબ ઈલ્મ અવલ્લકા.)

કહુંશું હું અરે પ્યારા, નથી કો હિન્દના આરા;
દશા આ દેશની કેવી ! જવાથી ઐક્યતા દેવી ૧
ગરીબોની દશા બુરી, કરો નિદ્રા હવે પુરી,
હજારોનાં દુઃખીછે તન, નથી મળતું ઘણાને અન્ન ૨
હુન્નરના વિણ આબ્બારી, મેવામાં ખાઓછો જવારી;
કલાથી તે હરેછે ધન, વિદેશીનું વિચારો મન ૩
થયા શું સુસ્ત હે વીરો, કલહને હસ્તથી ચીરો;
બજાવો દેશમાં ડંકો, વિલાતી માલને રોકો ૪
વિદ્યા દેવી પ્રસારીને, દેશી ખાતો સુધારીને;
લગાડો સર્વથી પ્રીત, ધરો કૌશલ્યને નિત ૫
કરે છે અર્જ કાલિદાસ, થશો તૈયાર એ આશ;
થવાને જો ઈચ્છો સુખી, બનોને ઈલ્મમાં મુખ્ય ૬

"વૃદ્ધ ભરતખંડ ભૂમિ, પુરૂષતાનું પારણું તને વંદન છે. સેંકડો વર્ષના નિર્દય ઉપદ્રવો (હલ્લા) પણ જેને વિસ્મરણની ધુળ નીચે દાટી શક્યા નથી એવી પુજ્ય અને સમર્થ માતા પ્રણામ. શ્રદ્ધા વા સત્યતાની, પ્રેમની, કવિતાની અને શાસ્ત્રની પિતૃ ભૂમિ તને નમું છું. તારા ભૂત કાળનો મહીમા અમારા પશ્ચિમના (યુરોપના) ભવિષ્યમાં સજીવન થાઓ એવું માગીએછીયે.

લુઇસ જે કોલિયટ,

અંગ્રેજ શોધક.

મિસીસ મેરી અથવા છકેલી સ્ત્રી.

શાર્દુલવિક્રીડિત.

સેવા તું કરજે સદા મન થકી, તારા વડીલો તણી,
સારો સ્નેહ સખી સમાન ધરજે, તારી સપત્ની ભણી,
ભર્તા રોષ કરી વદે કદિ તને, સામે ન તોયે થતી,
તારે સેવક સાથ રોજ વદતાં, દાક્ષિણ્યતા રાખવી.
જે વેળા તુજ ભાગ્યના ઉદયથી, થાયેજ માનીતિ તું.
તે વેળા મનમાં ફુલાઈ ન જતી કે, માન્ય રાણીજ હું,
વર્તે જે અબળા જનો ઉપરની, રીતે બધાંતે ધરે,
રાણી એ શુભ નામને અવરતો, બાળે કુળોને ખરે.

ઝ. ઉ.

હિંદુસ્થાનની પ્રજામાં હમણા જે મ્હોટામાં મ્હોટી તેજી આવીછે તેમાં બે વિષય ઘણા ઘુંટાયછે; રાજ્યકીય વધારો અને સંસારી સુધારો. રાજ્યકીય વધારાના સંબંધમાં ઘણું બોલાય છે, લખાય છે, ચર્ચા થાય છે પણ સંસારીક વિષયમાં તેટલી તેજી નથી. કદાચ તેજી છે એમ કહીયે તોપણ તેનું પરીણામ એવું નથી આવ્યું કે જેથી દેશને ફાયદો થાય. “ સુધારો ” એ અતિ મહત્વનો શબ્દ છે. સુ—સારો, ધારો—નિયમ, અર્થાત સારા નિયમો બાંધવા અને પાળવા. તોપછી સુધારો કોણ પસંદ નહિં કરશે ? સુધારો, દેશાટણ કરવાની છુટ, સ્થિતિ ઉપરાંત ન્યાતવરા, વરઘોડા, લગ્નાદિ પ્રસંગે વેસ્યાઓના નાચ, કન્યા વિક્રય અને બાળલગ્ન જેવા હાનીકારક ચાલ બંધ થવા બાબત કરવાનો છે; નહિં કે બાળકોને સ્વધર્મની કેળવણી આપ્યા સિવાય પર ભાષાની કેળવણી આપવાનો. પોતાના પુત્રો તેમાં પણ મુખ્યત્વે બાળકીયોને બાલ્યાવસ્થાથીજ પર ભાષાની કેળવણી આપવાથી યોગ્ય

ઉમરે પહોંચતાં ધર્મનું રહસ્ય અને દંપતી સ્નેહની મહત્તાને જાણવા બાળા સદાને માટે અજ્ઞાન રહેછે, તેથી ધર્મથી વિમુ નિરંકુશ સ્વતંત્રતા અને વસ્ત્રાલંકારમાં પોતાના પતિની સાધાર હાલત છતાં પૈસાદાર લોકોની સ્ત્રીઓનું અનુકરણ કરતાં શીખેછે, એમ થવાથી સ્ત્રી પુરૂષને સંસાર ચલાવવાને મદદગાર થવાને બદલે આપત્તિજનક થઈ પડે છે. શાબાશ છે મુસલમાન ભાઇઓને કે જેઓ પોતાનાં બાળકોને ધર્મ સંબંધી કેળવણી આપી તત્સંબંધી જ્ઞાન સંપાદન કરાવ્યા પછીજ ઈતર ભાષાની કેળવણી આપેછે. એટલુંજ નહિં પરંતુ પોતાના જાતભાઈઓના લાભ અને ધર્મના રક્ષણ માટે ખાસ કોલેજો ઉઘાડી તેમાં પણ બીજી ભાષા સાથે ધર્મનું યોગ્ય શિક્ષણ આપવામાં આવેછે. આમ થવાથી બાળકોના મગજમાં ન્હાનપણથીજ પોતાના ધર્મનાં તત્વો અને પવિત્રતાની અસર ઠસી જવાથી ગમે તે દેશના યા ગમે તે જાતના લોકોના પરિચયમાં આવે તોપણ સ્વધર્મ તરફ અણગમો આવતો નથી. આપણા હિંદુ સુધારકોની કેળવણી બાબતમાં કાળજી ઓછીછે એમતો કહીશકાય નહિં, કારણ નેશનલ કોનગ્રેસ જેવા રાજ્યદ્વારી મેળાવડાના ઉદ્દભવનો પ્રતાપ તેનોજ છે; પરંતુ શાળામાં અપાતી કેળવણીથી બાળકોને સ્વધર્મ સંબંધી જ્ઞાન મળેછે કે નહીં તે સમજવામાં બેદરકારીપણું, યા કહોકે યુરોપિયન લોકોના સહવાસથી તેમના રીત રીવાજો પોતાના દેશમાં દાખલ કરવાના ખોટા વિચારથી થોડાકોમાં ગેરસમજપણું છે. *

સ્ત્રીને બાળપણથીજ ધર્મની કેળવણી ન મળવાથી ઉદ્ધત બનેલ હોય તેવી સ્ત્રીઓને વળી કેટલાક વિશમી સદીના વા ખાધેલાઓ હદ વિનાની સ્વતંત્રતા બક્ષવાની હિમાયત કરે એ ખચીત

---

* હું તમોને તમારા પ્રાચિન મહાન પુરૂષોના ઉપદેશોને આધારે આજીજી કરી જણાવું છુંકે, યુરોપિયન સુધારાની ખોટી ફાંસીમાં તમો ફસાશો નહિં.

મિસીસ આનિ બિસેન્ટ.

ટર્ક્ષું હસવા સરખું તેટલુંજ સાંસારિક બાબતમાં નુકસાન કર્તા લખનારનું કહેવું એમ નથી કે સ્ત્રીને યોગ્ય સ્વતંત્રતા ન આપવી; કારણ પ્રાચિન કાળમાં સ્ત્રીસ્વતંત્રતા એટલે સુધી હતીકે આપણા મહર્ષિઓએ સ્ત્રીને દેવીની સંજ્ઞા આપેલ છે. ગમે તેવી અને ગમે તેટલી તે વખતે સ્ત્રીસ્વતંત્રતા હશે પરંતુ આટલુંતો સત્ય છે કે તેણીઓ દંપતી સ્નેહથી રહીત નહોતી, તે વખતે તો પતિને ઇશ્વર તુલ્ય ગણી સ્ત્રી પુજતી અને પતિ સેવામાંજ પોતાનો ખરો ધર્મ સમજતી. આપણા સુધારકો એટલેથીજ નહીં અટકતાં જેટલો પુરૂષનો હક્ક છે એટલોજ સ્ત્રીનો હક્ક છે માટે જેમ પુરૂષ એક સ્ત્રી મરી જવાથી બીજી સ્ત્રી કરે છે તોપછી સ્ત્રી પોતાનો પુરૂષ મરી-જવાથી બીજો પતિ કેમ ન કરી શકે ? લગ્ન એ કાંઈ ન્હાનો સરખો વિષય નથી, ને એ બાબતમાં જેઓ એમ કહે છે કે, એ બંધન દૈવી નથી પણ માનસિક છે, તેઓ લગ્ન, પ્રેમ, પવિત્રતા, પતિવ્રત અને પાતિવ્રત્યનું મહત્વ સમજ્યા વગર બકે છે. પ્રાચિન ગ્રંથમાં આ બાબતમાં એકજ વિચાર છે, ને તે એટ-લોજકે, લગ્ન એ દૈવી બંધન છે અને તેનાપર મનુષ્યનો અમલ ચાલી શકે નહીં. આર્યશાસ્ત્રમાં તો સ્પષ્ટ છેકે, મન વચન કે કર્મથી કન્યાનું દાન થયું કે તે પછી મિથ્યા થઇ શકે નહીં. ગૌતમ બુદ્ધે પણ એવોજ વિચાર આપ્યો છે; " લગ્ન કરતો નહીં, કીધા પછી મોડતો નહીં " આવાજ વિચાર ગ્રીક ફીલોસોફરે દર્શાવ્યા છે. જ્યારે બીજી પ્રજા લગ્ન વિષે એમ વિચાર બાંધે છે કે, પ્રજોત્પતિ ને સંસારી ભોગવિલાસ માટે લગ્ન છે, ત્યારે વેદધર્મી એમ માને છે કે, કન્યાદાન એ મોટું પુણ્ય છે. કન્યાદાનથી પરણેલી સ્ત્રીનો પુત્ર કુળના પૂર્વ-જોને અને પોતાને પવિત્ર કરે છે.

પતિવ્રતાપણું એ સ્ત્રીનો સર્વોત્તમ ધર્મ છે. બ્રહ્મચર્ય પાળવું એ વિધવા સ્ત્રીનો નિત્ય ધર્મ છે. આપણા સુધારાવાળાઓએ

મ્હેસે ઘરથી એ ભુલ કીધીકે, હિંદુ શાસ્ત્રને નિંધાં, સંસારને નિંધ્યો અને આપણું સર્વ ખરાબ છે એમ કહ્યું; આ બોલનારનું કોણ સાંભળે ? પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર તથા બીજા થોડાકોએ પુનરલગ્નના સંબંધમાં પ્રયત્ન કીધો પણ તેઓ ફતેહ પામ્યા નથી. અદ્યપિ પર્યંત પુનરલગ્ન નહિ જેવી અવસ્થામાં છે. આ વિચાર મુંબાઈમાં ફેલાયોને ૧૮૫૫ થી તે આજ સુધી તે બાબતમાં ચર્ચા ચાલે છે તોપણ આટલું તો નક્કીપણે કહી શકાયછેકે, તેમાં તેની હિમાયત કરનારાઓ કોઈ રીતે જશ કમાયા નથી. બહુ આનંદની વાતછેકે, એક દાયકો થયાં દિવસે દિવસે સ્વદેશી ભાઈઓની વૃતિ પાશ્ચાત્ય વિચાર, આચાર અને બાહ્યશોખ ઉપરથી ઉતરી આર્યધર્મ, રીતી, શાસ્ત્ર અને તેનાં ઉત્તમપણા તરફ સારી રૂચી થતી જાયછે * મારો આધિન મતછે કે જો એ રૂચી દિનપ્રતિદિન વધતી જશેતો આર્યાવૃત્તને પૂર્વ સ્થિતિએ પહોંચતાં વિલંબ લાગશે નહીં.

પુનરલગ્ન શાસ્ત્રથી વિરૂદ્ધ છે તેમ એ જોડું ઘણે ભાગે સુખી પણ થતું નથી, કારણ પ્રાચિન ચાલતો આવેલો રીવાજ નહિં પરંતુ પોતાનાં માબાપ અને સગા સ્નેહીઓની મર્યાદા ત્રોડી પુનરલગ્ન કરનાર સ્ત્રી દંપતી સ્નેહથી વાકેફ જવલ્લેજ મળી આવેછે. જેણે પોતાનાં માબાપ, જ્ઞાતિ અને કુટુંબીઓને તજી પોતાની

---

* પોતાની મેળેજ સ્વતંત્ર રીતે મરી ગયેલો હિંદુ ધર્મ પુનઃસજીવન થયો છે ને લાંબી તથા તંદુરસ્ત જીંદગી ભોગવશે એમ ધારી શકાય છે.

મદ્રાસ ટાઇમ્સ.

હાલમાં કેટલાક હિંદવાસીઓમાં પોતાના પ્રાચિનપણાની સ્થિતિનું અવલોકન કરવાની પ્રેરણા ઉત્પન્ન થઇછે અને તેથી તેમના ભવિષ્યના ભાગ્યનું તેમને ભાન કરાવેછે.

મિસીસ આનિ બિસેન્ટ.

ઈચ્છાનુસાર પુરૂષ પસંદ કરી પુનરલગ્ન કર્યો, તેપછી તેવા આ-રના ભપકાથી મોહીત બનેલ ભરતારને તજવો તેને શું કઠીન ? કદાચ તજે નહિં અને સંસાર ચલાવે તોપણ જેણે માબાપની મર્યાદા ત્રોડી તે બાલ્યપ્યારથી કરેલા પતિની લજ્જા ક્યાંથી રાખે ? પુનરલગ્નનું જોડું કેવું સુખી થાય છે તે વિશે કોઈકજ અજાણ હશે તોપણ ઉદાહરણ દાખલ નિચેનો સંવાદ એ બાબતની વધારે ખાત્રી આપશે.

એક ગરીબ સ્થિતિના વટલેલદાસ નામના શખ્સના મગ-જમાં પાશ્ચાત્ય પવન ભરાયાથી સુધારાવાળામાં ખપવા પો-તાની જ્ઞાતિની સ્ત્રી સાથે માબાપ, જ્ઞાતિ અને સ્નેહી વર્ગની ના છતાં પુનરલગ્ન કર્યું. પુનરલગ્ન કરેલી સ્ત્રી ફક્કડ, નખરા-બાજ હોંશીલી અને સ્ત્રી શિક્ષણ રહીત સ્કૂલમાં કેળવણી લીધાથી સંસર્ગ દોષથી દેખાદેખી ગ્રહણ કરી બૂટ, પોલકું, એરીંગ, સ્ટૉકીંગ પહેરવા સાથે કહેવાતી સુધરેલી ફેશનના બાલ ઓલી હાથમાં છત્રી અને રૂમાલ રાખતી. એ ફાંકડી અને ટાપટીપવાલી ધણીયાણી વળી વટલેલદાસ જેવા ફુલણીયા અને આગલ પાછલનો વિચાર નહીં કરતાં સુધારા-વાળામાં ખપવા મશગુલ રહેનારને મલી તેમાં પછી શું મણા રહે! વટલેલદાસ એટલો બધો હરખાઈ ગયોકે સ્ત્રીનું હિંદુ નામ ફેરવીને બોલવામાં મજેદાર લાગશે એમ સમજી **મેરી** એવું નામ રાખ્યું. મિસીસ **મેરીને** પણ "જોઈતું હતું અને વૈદે બતાવ્યું " તે મુજબ થયું, કારણ પ્રાણપતિ પુનરલગ્નના ચુસ્ત હિમાયતી નહીં પરંતુ દેખાદેખીઆ સુધારાનું અનુકરણ કરનાર જણાયા. મિસીસ મેરી ચાર પાંચ ચોપડી ગુજરાતી ભણેલ ઉપરાંત ઇંગ્રેજી પણ તેને થોડું ઘણું આવડતું, જેમકે, ડેમફુલ, નોનસેન્સ, સ્ટુપીટ, ઓલ રાઈટ, યસ અને નો વગેરે શબ્દ તદ્દન મોઢે પાઠ હતા. જેમ તે પોતાનું નામ ઈંગ્રેજીમાં લખતી હતી તેમ તે **માય ડીયર** એ અક્ષરો પણ ઈંગ્રેજીમાં

લખી શકતી હતી. પતિને અગર બીજા કોઈને ખુલ્લો અથવા ખાનગી પત્ર લખવાનો પ્રસંગ આવે તે વેળા **માય ડીયર** એ શબ્દ પ્રથમ લખીને પછી બીજી બીના લખતી હતી. તે શેકહેન્ડ કરવાનું સારી રીતે જાણતી હતી. કોઈ સભામાં જાય ત્યાં કેમ બેસવું એ જાણતી હતી, પણ તેને સભામાં બોલવાની શક્તિ નહોતી. તેને સ્વતંત્રતાથી ચાલવાનું વધારે ગમતું તેથી સાંપ્રત કેળવણીવાલી સ્ત્રી મલવાથી ત્રિપાદ માફક બની ગયેલ પતિ સાથે જ્યારે ખટપટ થતી ત્યારે એમ કહેતી હતી કે, " આ કાંઇ ગુલામ સ્ત્રી નથી; હું તો કેળવાયલીછું તેથી જેમ કહીશ તેમ તમારે કરવું પડશે, કારણ પુરૂષ અને સ્ત્રી બંનેનો એક સરખો હક્ક છે. સ્ત્રીને કાંઈ પરાધિનતાની બેડી પહેરવાને ઈશ્વરે સરજેલી નથી.

એક દહાડે સવારમાં દશ વાગ્યાને સુમારે રોજ પ્રમાણે પોતાનો મોહક શણગાર સજીને મિસીસ **મેરી** મ્હોટા મિજાજથી પોતાના પલંગની દાંડી પકડીને વિચારમાં ઊભી છે, એટલામાં તેનો મ્હોટી મુછવાળો પતિ વટલેલદાસ આવ્યો. બાહારથી આવતાં વારજ તે હસતાં હસતાં પોતાની વ્હાલીપાસે જઈ વાત કરવા લાગ્યો.

વટેલલદાસ—કેમ ? અમથી ઊભી છે ? રસોઈ કરી લીધી ?

મેરી—તમારૂં કપાળ કર્યું. હું ઉભી રહીશકે બેસીશ તેમાં તમારે શી પંચાત !

વટલેલદાસ—મ્હારી વ્હાલી ! તારી પંચાત મને ન હોયતો બીજા કોને હોય ! નહીં, નહીં, તારી મને અને મારી તને.

મેરી—અહો ! કેટલી ફીકર ! બંધુ સમજું છું. હું કાંઈ ધાવણી નથી. તમારા પેટમાં આગ પડી હશે તેથી કરી આ ખુશામતની વાતો થાય છે પણ મને એવી ફોકટની વાતો ગમતી નથી. મેં આગળ કહેલી ચીજો જ્યારે આવશે ત્યારપછી હું ચુલો સળગાવીશ. આજે જોઊંછું કે પેલી જણસો કેમ નથી આવતી ? આજ હું મનમાં પક્કો વિચાર કરીને

રહી છું. પાગડીબળ્યાનું કેવું લાડકપણું છે તે સમજાતું નથી. કાંઇ માગીયેતો મળે નહીં, મોઢેથી ફક્ત તુ મારી વ્હાલી, તું મારી ફૂંકડી, તું મારી છબકડી, તું મારી એવી, તું મારી તેવી, તું મારા હૈડાનો હાર, એવું બોલવામાં શું જાયછે ? એ બોલવામાં શું ખરચ ! હઠ વગર કાંઇ થવાનું નથી.

વટલેલદાસ—વ્હાલી ! ગુસ્સે ન થા ! તારી માગેલી ચીજો બધી હળવે હળવે લાવી દઇશ, પણ એવો મૂર્ખ હઠ ન કર. ચાલ, ઉઠ હવે ચુલો સળગાવ અને રસોઈ કરવા માંડ. ભુખથી મારો જીવ ઘણો વ્યાકુળ થઇ ગયો છે.

મેરી—જીવ વ્યાકુળ થાયકે જાય, માગેલી વસ્તુઓમાંથી લાલસેઠની વઉના જેવી સોનાની બંગડી, જીકની સાડી, હેર ઓઇલ, બૂટ અને અરેબીયન નાઇટસૂની વાર્તાની ચોપડીનો પહેલો ભાગ, એટલી ચીજો હમણાને હમણા લાવી આપશો તોજ રસોઈ કરવા માંડીશ. "લાવીશ" એ વચનના વિશ્વાસપર રહીશ નહિં અને સાંભળીશ પણ નહિં. ચાલો, જાઓ ઉઠો લઇ આવો પહેલાં પછી બીજી વાત.

વટલેલદાસ—અને પછી શું? હું તને કહું છું તે પહેલાં સાંભળ.

મેરી—હું તે કાંઇ સાંભળવાની નથી. આજ લગીમેં બહુ સાંભળ્યું, તમારા અરધા વચનમાં રહ્યાથીજ આવો વખત આવ્યો. આગલથીજ મને ડહાપણ હોતતો બન્યું એમ શામાટે થતે ! પહેલાંથીજ તમારા દિલમાં કાવતરૂં. તમે પુનરલગ્ન કર્યા પહેલાં તો બહુ મ્હોટી મ્હોટી વાતો કરતા હતા પણ તે તમારા ધ્યાનમાં ક્યાં છે ! તમારાં હમેશાં ઉડાઉપણાનાં ભાષણે મને અહિંઆ લાવીને દુઃખમાં નાખીછે. મારા દિલમાં રહી રહીને આવેછેકે, આવી દુઃખી હાલતમાં જીંદગી ખોવી તે કરતાં તદ્દન સ્વંતત્ર રહેવું સારૂં, પણ જગત્ નિંદક છેની ! જગત્ ભાસશે તેમ બોલશે, પરંતુ અંદરની વાત કાંઇ તેના જાણવામાં આવશે ! ગમે તેમ થાય; મેં આજે જે વિચાર કીધો છે તે કદીપણ ફરવાનો નથી.

વટલેલદાસ.—ડીયર મેરી ! તારી જીભ ઘણી લાંબી વધતી જાય છે. એમ મારા પાસે નહીં ચાલે. સારી રીતે કહેતાં તું નહીં માનેતો કેસરીયાપાક ખવરાવીશ. જેમ જેમ તને લાડ લડાવું છું તેમ તેમ તું ઘણી ફાટી જાય છે. આ તને કોણે શિખવ્યું ? ઓ ! હઠીલી, મારો હાથ હાલ તંગીમાં છે એ તને જણાતું નથી શું ! આજનો દહાડો ગયો અને કાલનો દહાડો કેવી રીતે જશે એ ફિકરમાં હું છું, અને તું તો મને વધારે સતાવે છે. જખ મારી છાણ ખાધું કે પુનરલગ્ન કર્યું. તારા સરખી હઠીયલને ઊઠતી વખત લાત અને બેસતી વખત ગુસ્તો જોઈએ. તું હેત પ્રીતથી ચાલશે તો આજ નહીં તો કાલે તારી ઇચ્છા પૂર્ણ કરીશ અને હઠ પકડીને બેસશે તો ખચિત કેસરીયોપાક ખવરાવીશ. આવ્યો ત્યારથી કહું છું કે ચુલો સળગાવ, પણ તું ધ્યાન શાનું આપ ? હવે ઉઠની ! રસોઈ જલદી કર અને પછી રીસાઈને બેસ. મારા પેટમાં આગ લાગી છે. કેમ? કહું છું તે સાંભળવું છે કે નહીં? કે દઉં ચોદમું રત્ન !!

મેરી—વાહ ! આજ તાણી ખેંચીને આટલું બધું જોર કયાંથી લાવ્યા છો ? આવા ખોટા રોફને હું માનનારી નથી હો! હું જેટલું બોલીશ તેટલું થોડું છે, કારણ મારો બોલાવાનો હક્ક છે. તમે કહો છો કે પુનરલગ્ન કરવામાં ભૂલ થઈ પણ તે ભૂલ તમારી કે મારી ? એનો વિચાર આગળથી કેમ ન કીધો ? તમો મરજીમાં આવે છે તેમ બોલો છો તે સારૂં નહીં. એવો દમ તમારી કોઈ બીજી હશે તેને આપો. મેં તો તમારામાં કેટલું પાણી છે તે જોઈ લીધું છે. શું બોલો છો ! ચોદમું રત્ન આપશો !! અને તે કોને, શું મને ? તમારા હાથથી ? ફરીથી એવા શબ્દો મોઢામાંથી કાઢતા નહીં, કોઈ સાંભળી જશે. તમે મને ચોદમું રત્ન આપ્યા પહેલાં તમને જોઈયે તો હું તમને ચોદમું રત્ન આપું વિશેષમાં તમને સાફ કહું છું કે, છાના માના ઉઠી ચાલતા થાઓ અને માગેલી ચીજો લઈ આવો; નહીંતર ચુલો બિલકુલ સળગાવીશ નહીં, એ તમારી અને મારી સરત.

વટલેલદાસ—તારૂં શું કહેવું છે તે હું બધું સમજું છું. ધીંગના હોવાથી નિકટ સંબંધમાં છતાં મારૂં અપમાન કરે તે સારૂ નહિં. મને ગાંડીયો ગણે છે, ગાળ દેછે અને ચીદમું રત્ન આપીશ એમ બોલેછે એ તને લાજમ છે કે ?

મેરી—હું એ કાંઇ સાંભળવાની નથી. માગેલી ચીજ આવ્યા વગર કશું કરીશ નહીં. તમે જરા મારી નજરથી દૂર જશો એટલે મારા જીવને શાન્તિ મળશે.

વટેલલદાસ—ઓલ રાઈટ. જોઉંછું વારૂ, હવે સુખેથી તારો હઠ પકડીને બેસ. (એમ કહી બાહાર જાયછે.)

મેરી—(સ્વગત) પીડા ગઇ. મને એનું બધું પોલાણ માલમ પડયું છે. એનાથી સુખ મળે એવું દેખાતું નથી. નોકરી છોડયા પછી એનું માથું ભ્રમીત જેવું થઈ ગયું છે. કોઇ ગાંડો હોયતો ચાલે, પણ આવો અડધો ગાંડો ન ચાલે, પ્રભુ ! તેં બધી વાતે સરખાઈ કરી મુકી છે. હવે શું કરૂં ? મારો જીવતો એના પાસે રહીને કાયર થઈ ગયો છે. કાંઇ સુજતું નથી. (જરા વિચાર કરીને) હા, સારી યુક્તિ યાદ આવી સુરત હતી ત્યારે રાવસાહેબે કબુલ કરેલુંજ છે; તોપણ મને તેમના પલ્લામાં લેવા લખીતો જોઉં ! અહા ! તેમનો સ્વભાવ કેવો મીલનસાર છે ! (પડોશણ તારાબાઈને આવતી જોઈને) તારાબાઈ ! હમણાં તો દેખાતાંજ નથી ! કાંઈ મ્હોટા કામમાં પડી ગયેલાં લાગોછો !

તારાબાઈ—નારે બાઇ, મ્હોટું કામ કાંઇ નહી. હું તો ઘરનાં કામથી પરવારતી નથી. કદાચ ઘરમાં કામ ન હોય તોપણ ઘેરઘેર ઊંબરા ગણવાથી શું ફાયદો ? આપણે ભલાં અને આપણું ઘર ભલું. મને જ્યાં ત્યાં બેસી ગપાટા મારવાનું પસંદ નથી. વધારે અવકાશ મળેછેતો પ્રાચિન સતીયોનાં ચરિત્રો અને ગીતા વગેરે પુસ્તકો વાંચું છું. અત્યારે તો તમને તમારા સ્વામિ સાથે ઉતાવળે સાદે બોલતાં સાંભળી ટંટો થયેલ હશે એમ ધારી દિલાસો આપવા આવીછું. શું આજ રીસાયાં છો કે ?

મેરી—તારાબાઇ ! શું કરૂં વારૂ ! મારૂં દિલ છે કાયર થઈ ગયું છે. મારા ધણીનો એવો સ્વભાવછે ન પુછો વાત. મેં તો હવે અહીંથી નીકલી ક્યાંઈક બીજે જવા વિચાર કર્યો છે, આ ઘરમાં આવ્યા પછી સુખના નામનું મીંડું મુકાયું છે. બાઈ, હવે તો કાંઈ રસ્તો બતાવોતો ઠીક.

તારાબાઈ—બાઇ, હું શું રસ્તો બતાવું ? હું તમારા જેવી ભણેલી ક્યાં છું ? પણ તમે પુછોછોતો કહું છું, રીસાતાં નહીં હો ! જેના સાથે આપણી જન્મની ગાંઠ બંધાઈ તેની આશામાં રહીને જે જાર બાજરી મળે તે ખાઇ તેમાંજ સુખ માનીને આપણા દહાડા કાઢવા. બ્હેન, આપણો સ્ત્રીનો જન્મ પુરૂષની સેવામાં કહાડવો એવો ઈશ્વરી નીયમ છે, તો એ નિ-યમનું ઉલંઘન કરવું એ કેમ ચાલે ! તમારા વરનો સ્વભાવ તમને ગમતો નથી તોપણ તેના પર રીસાવું અને ગાળો દેવી એ સારૂં ન કહેવાય, જરા સમજ રાખો, છેક ઉન્મત્ત સ્ત્રીની માફક કરો નહીં.

મેરી—બસ, બાઇ તમારાં બ્રહ્મજ્ઞાનથી મારૂં માથું દુઃખેછે. જાઓ તમે તમારે ઘેર.

તારાબાઈ—તમને રીસ ચડી હોય એમ દેખાય છે. ભલે, બાઈ હું જાઉં છું (તારાબાઇ જાયછે.)

મેરી—(સ્વગત) ઠીક, પાપ ગયું, હવે નિરાંતે રાવસાહેબ પર પત્ર લખું. (પત્ર લખેછે.)

માય ડીયર રાઓ સાહેબ

મુ—સુરત.

લી. તમારી આજ્ઞાધારક પ્યારિના પ્રેમ પૂર્વક પ્રમાણ વાંચશો. વિનંતી વિશેષ, તમારૂં બોલવું અમાન્ય કરીને હું મુંબાઈ આવી તેથી પસ્તાઉં છું. સર્વ પ્રકારે દુઃખ ખમવું પડેછે જેથી હું મ્હારી જીંદગીથી કંટાળી ગઇછું. ખાવા પીવાની ઘણી તંગી પડવા સાથે મ્હારા પર ઘણો જુલમ ગુજરે છે. આ પત્ર પહોંચતાં વા

અહીં આવવા રવાના થશો; આપના આવ્યા પછી જેમ સારૂ કરવાનો હશે તેમ કરીશું. આવી રીતના સુવાસણપણું રહેતાં હેઠીલો રંડાપો સારો. મ્હારો આ દેહ આપના ચર્ણમાં અર્પણ કર્યો છે એમ સમજીને ત્વરા કરશો; તમારૂં ધ્યાન ધરી વાટ જોઇ બેઠીશું, હાલ એજ.

આગ્નાધિન,

ગંગુ ઉર્ફે પ્યારી.

ઉપલો કાગળ પરબીડીયામાં બીડે છે તેવામાં વટલેલદાસ આવ્યો. તેના જોવામાં થોડું એ પરબીડીયું આવ્યું જે મેરીએ સંતાડવા યત્ન કર્યો પણ કાંઈ ચાલ્યું નહિં. બન્ને વચ્ચે જરા વાર બોલાચાલી થઈ અને આખરે "લ્યો, આ જુઓ," એવું બોલીને મિસીસ મેરીએ તે પરબીડીયું પતિના આગળ ફેંક્યું. વટલેલદાસને વાંચતાંજ આઘાત થયો, અને ધ્રુસી પડયો, ડુબી ગયો, ખ્વાર થયો એવા અનેક પ્રકારના શબ્દો બોલ્યો. થોડીવાર પછી વિચાર કરી વળી સ્પષ્ટ થઈ વ્હાલીને સમજ પાડવા માટે યત્ન કરવા લાગ્યો.

વટલેલદાસ:—ડીયર મેરી ! શું તને હું ગમતો નથી ! મારા ઉપરનું તારૂં હેત એટલું બધું ઉતરી જવાનું શું કારણ થયું તે કહે. તારો એટલો બધો બેપરવાઈ સ્વભાવ કેમ થયો? રાત દહાડો તારા માટે ફિકર રાખ્યા છતાં તું આવું કાપટ્ય કરેછે? એકતો પુનર્લગ્ન કરી ન્યાત જાત અને સગાસંબંધીઓમાં હલકો થયો છું. છતાં તું પણ મારી ખુલ્લી રીતે ફજેતી કરે એ સારૂં કહેવાય-કે? તારે અક્કલ રાખવી જોઈયે. તને તારા હિતની કાળજી રાખવાની જરૂર છે. આધુનિક કાળનું શાળા શિક્ષણ મળ્યું છે તે શું મારી બદબોઇ કરવા તરફ વાપરેછેકે? અરે, મ્હારી ડાહી મેરી, જરા વિચાર કર અને રીસ ઉતારી નાખ એટલે હું બોલું-છું તે સાચું છે એમ તરતજ લક્ષમાં આવશે. તારી ઈચ્છા હાલમાં જોઈએ તેવી રીતે મારા તરફથી પુરી થતી નથી તો આગળ ઉપર તે પુરી થવા સંભવ છે. હાલી થઈને મારે મોઢે મેશ લગાડીશ નહીં એજ ઉમેદ રાખીને તને કહું છું.

મેરી—ડીયર વટલેલદાસ, વેરી સોરી ફોર યુ. હું ખાત્રી કહું છું કે, તમારાં લાંબાં લાંબાં ભાષણો મારીપાસે ચાલશે નહિં. તમે મને જેમ છેલ્લું વચન કહ્યું તેમ હું પણ તમને કહું છુંકે મારો થયેલો નિશ્ચય પુરો કરવાની. તમારો અને મારો સંબંધ સુરતથી રાવસાહેબ આવે ત્યાં લગીજ. દરમ્યાનમાં તમારે ફાવે તેમ સતાવો.

વટલેલદાસ—તને હું પાય પડીને કહું છું કે, એવી રીતે મારી બેઆબરૂ કરીશમાં. (એમ બોલતો બોલતો મેરીને સમજાવવા માટે બીજા ઓરડામાં લઈ જાયછે.)

વાંચનારના ધ્યાનમાં આવ્યું હશે કે, સ્ત્રી અતિ ઉદ્ધત થઈ પતિ સાથે પોતાની પવિત્ર ફરજ ભુલી જઈ સ્વછંદ રીતે બોલવાનું અને વર્તવાનું મુખ્ય કારણ નીતિની કેળવણી ન હોવાનું છે. તોપછી દેશી ભાઇઓ પોતાની પુત્રી તથા પુત્રોને બીજી કેળવણી આપ્યા પહેલાં ધર્મની કેળવણી આપવાનું દુરસ્ત ધારશે. વળી બહુબોલા સુધારાવાળામાં ખપનાર સુધારકોને મારી સુચના છે કે, તેમની વિધવા સ્ત્રીઓનું દુ:ખ દૂર કરવાની નેમ છે તે ઘણી સ્તુત્ય છે, પરંતુ તે નેમ પાર પાડવામાં તેઓએ આર્યશાસ્ત્રોનાં વચનનું ઉલ્લંઘન કરવાને બદલે શાસ્ત્ર સંમતીથી ચાલી, બાળલગ્નનો પ્રતિબંધ કરવા સાથે સોનાની જેમ ઘસીને, તપાવીને, અને કાપીને એમ ત્રણ રીતે કસોટી થાય છે તેવી રીતે પુરૂષની પણ ગુણ, વિદ્યા અને શારીરિક પરિક્ષા કર્યા પછી કન્યા આપવાના ચાલની હિમાયત કરશે તો સ્ત્રીઓને વૈધવ્યપણું પ્રાપ્ત થવાના ઘણા થોડા દાખલા બનશે; અને જો તેમ બનેતો પુનરલગ્ન કરવાની જરૂરશી ?

સમાપ્ત.

સર્વોપયોગી સૂચના.

કિંમતી જવાહીર.

—:o*o:—

જવાહીર એ એક ઉમદા ખનીજ છે અને તેને ખરીદવા પૈસાદાર તેમજ ગરીબ પણ ઈચ્છા રાખે છે, પરંતુ ગરીબોની આશા નાણાં વિનાના હોવાથી પાર પડતી નથી; જો કે શ્રીમંતોની પાસે દ્રવ્ય હોવાથી તેઓની ઇચ્છા પાર પડે છે, તોપણ તેની પરીક્ષા કરવાને ઝવેરીની જરૂરીયાત છે, કદાચ કોઇ ધનાઢ્ય આપમતિથી રત્ન ખરીદે છે, તથાપિ જવાહીરની પરીક્ષાથી અણવાકેફ હોવાથી જેમ હાલ ચીનમાં ખોટા હીરા પર ઓપ ચડાવી અને વજનમાં સાચા હીરા જેવા બનાવી ઠગે છે તેમ ઠગાતું પડે છે. ઉપરની બીનાથી જણાશે કે, જેઓ પૈસાદાર છે તેઓને પણ રત્ન ખરીદવા ઝવેરીની જરૂર છે અને જેઓ ગરીબ છે તેઓને નાણાંની જરૂર છે, ધારોકે મુસ્કેલીથી ગરીબ માણસ નાણું મેલવી રત્ન ખરીદે છે પણ તેની પાસે રત્નને શોભાવવાનાં બીજાં સાધનો ન હોવાથી ઝાઝો વખત ટકી શકતું નથી, તેમજ શારીરિક વ્યાધિ વખતે ઉપયોગી થતું નથી. આ પરથી કોઈ પ્રશ્ન કરશે કે, એવું કયું રત્ન છે કે જેથી ગરીબ અને તવંગરથી પણ વગર ઝવેરીએ તથા સસ્તી કિંમતે ખરીદાય અને રત્ન કરતાં પણ વધારે ઉપયોગી થઈ પડે ! એનો જવાબ એજ કે, એવું એક રત્ન માત્ર **મેનીકા એગ્યુ મીક્ષચર** છે, કે જેનાથી દરેક જાતનો તાવ નાશ પામે છે. સર્વકો જાણેછે કે, તાવ એક સાધારણ રોગ છતાં વખતે અસાધારણ રૂપમાં પ્રકટી ઘણાઓના કિંમતી જાનનો ભોગ લેછે, તોપછી તેવા રોગને મટાડનાર **મેનીકા એગ્યુ મીક્ષચર**ને આપણે અમૂલ્ય રત્નની પંક્તિમાં કેમ ન મુકીએ ? અસંખ્ય દરદીઓ તેમજ વિદ્વાન ડાકટરો અને દેશી વૈદોએ એકી અવાજે કબુલેલું છે કે, તાવનો ખરો ગુરૂ **મેનીકા**

એગ્યુ મીક્ષચર છે, કારણ એ દવાથી, માત્ર એકજ દહાડે ગમે તે જાતનો તાવ નાશ પામે છે. (ખોટી નકલોથી સાવધ રહેજો)

દરેક દવા વેચનારાઓને ત્યાંથી મળશે.

જરૂર વાંચો, સાર જુઓ, ફાયદો પામો.

હેરીની પુષ્ટીની ગોળીઓ.

Hary's Tonic Pills.

(દુનીયાંને એક અમુલ્ય બક્ષિસ.)

નવી નવી જાતની દવાઇઓ નીકળવાની આ જમાનામાં જેમ હદ રહી નથી તેમ હેંડબીલ અને જાહેરખબર મારફત તેનાં બણગાં ફુકવામાં કચાશ રખાતી નથી. મુંઢને ગાંગડે ગાંધી જેવા થઇ કેટલાક પોતાની ચીજોની તારીફ કરી રહ્યાછે પણ " ઢમઢોલ ને માંહે પોલ. " એમાં તારીફ પ્રમાણે ગુણ ધરાવનારી દવા તો બહુજ કમછે. ખરેજ પુરા પૈસા આપી, ખોટી, નહીં ગુણ કરનારી, નજીવી કીમતનીચીજ લેવી એતો સુનાની કીમત આપી પીતળ લેવા જેવુંછે. **હેરીની પુષ્ટીની ગોળીઓ** રામબાણ અને વીજળીની માફક ચમત્કારીક અસર કરનારીછે. વર્ષોના અભ્યાસ પછી ખરેખરી ગુણકારી ચીજ હાલમાંજ હાથ લાગીછે. અસંખ્ય દરદી ઉપર અજમાવી સિદ્ધ કરેલીછે. નવી વસ્તુ માણસને નવયોવન બનાવે છે; પુરૂષાર્થ આણેછે, પાણી જેવા વિર્યને સ્તંભન કરેછે, મગજને પુષ્ટી આપેછે, અને વીર્યને જતાં અટકાવે છે. બીમારીથી અથવા ઉમરથી અથવા નાતાકત પાણીથી થએલી નાકૌવતીને પાછું જોર આપી માણસને રૂષ્ટ પુષ્ટ બનાવેછે. ટુંકમાં **હેરીની ગોળીઓ** પુષ્ટીનો હરેક ગુણ ધરાવનારી હોવાથી એક **હરી કૃપાજ** છે. એ દવા બગડી ગએલા વીર્યને

સુધારવામાં અને પ્રમેહ વગેરે વીર્યને લગતા તમામ રોગોને આ-રામ કરવામાં ચમત્કારીક છે અને સ્ત્રીને થતા અનિયમિત શ્રાવ રોકવામાં અને ગર્ભાશયનું પોષણ કરવામાં તો એ દવા એકોછે. આ દવાનો ઉપયોગ એકવાર કરશોતો એના ગુણની ખાત્રી એ પોતેજ કરી આપશે. ઘણી દવાઈઓ ખોટી નીકલવાથી નવી ચીજ ઉપર મોહ હોતો નથી એ કુદરતીછે પણ આ દવા વિષે તો અમે સખ્ત ભલામણ કરીએ છીએકે **એનો ઉપયોગ કરી ખરાબ દરદોથી દુર રહેવું.** આ દવાની કીમત એમાં વપરાયલી જુદી જુદી જાતની કીમતી દવા તરફ તથા એના ગુણ તરફ જોતાં કંઇજ નથી.

૩૬ ગોલીની સીસી ૧ નો માત્ર રૂ. ૧

વાપરવાની રીત સીસી ઉપર વીંટાલેલા કાગળથી માલમ પડશે.

એ દવાના ખરાપણાની અમારી જામીનગીરી એજ કે એ ગોલીઓથી એમાં દરશાવેલા દરદો ઉપર ફાયદો નહીં થાયતો પુરા પૈસા પાછા આપવામાં આવશે.

વેચનારા—દરએક આબરૂદાર અંગ્રેજી દવા વેચનારને ત્યાંથી મલશે.

મેશર્સ વસનજી નથુની કંપની, અંગ્રેજી દવા વેચનારા.
મુલજી જેઠા કાપડમારકીટ સામે, **મુંબઈ.**

જથાબંદ ખરીદ કરનારને સારૂં ડીસકૌંટ મળશે.

વીન્સનો રીંગવર્મ ઓઇન્ટમેન્ટ.

વીન્સનો દરાજનો ખુશબોદાર મલમ.

દરાજ, દાદર યાને કીડ માટે ઘણી દવાઓ બાહાર પડેલીછે, પણ તેનો ખરેખરો અકસીર ઈલાજ તો અમોએ હાલ કેટલાક યુરોપીયન ડાકટરોની સલાહથી શોધી કાઢયો છે.

સરવેને અમો જણાવવાને ખુશીછીએકે અમારો આ અક્‌સીર ઇલાજ નીચે જણાવેલાં કારણોથી બીજા કરતાં ઘણીસારી સરસાઈ ભોગવે છે.

આ મલમ બળતો કે બદબો આપતો નથી પણ તેથી ઉલટોતે ઠંડક સાથે ખુશબો આપેછે અને બીજી દવાઓ માફક એમાં કંઈ મેળવણી કરવાની જરૂર રહેતી નથી, તેની સાથે ડબીમાંથી બગડતો નથી તેમજ લુગડાં ચીકટાં કરતોનથી, બીજી ચાર ડબીવાપરવી અને આ અડધી ડબી વાપરવી બરાબર છે. જોવામાં આંખને આનંદ આપનારો અને વાપરવામાં દરદને તુરત મટાડનારો છે.

દાદર ઘણુંખરૂં ઉપરથી સારી થાયછેમાટે એમોએ પેહેલેથીજ સંભાળ લેઇને આ અકસીર દવા બનાવી છે, કે જે એ દરદ જડમુળથી સાફ કરી નાખી તુરત આરામ કરેછે અને ફરીને તે જગોએ થતુંજ નથી.

આજકાલ ઘણી દવાઓ બાહાર પડેછે અને અને તેને માટે મોટી સીફારસો જાહેર કરેછે પરંતુ એવી બડાઈ ન મારતાં ખુદ દવાને વાપરી ખાત્રી કરા આપવી એજ અમારો મુખ્ય હેતુ છે.

અમારી આ અકસીર શોધને હજુ લાંબો વખત થયો નથી, એટલામાં એનો ખપ હદ ઉપરાંત થયોછે. એજ એની જામીનગીરી બસ છે.

આ વીન્સનો દરાજનો મલમ લેતી વખતે બરાબર વીન્સનું નામ વાંચીને લેવો કારણ કે એ મલમની ફતેહ જોઇને કોઇ તો નામની, કોઈ ડબીની અને કોઈ રંગની નકલ કરવા લાગ્યા-છે. યાદ રાખજો કે પીળું ચળકે તે બધુ સોનું હોતું નથી.

બીજી દવા વાપર્યા પહેલાં **આ વીન્સ રીંગવર્મ ઓઇન્ટમેન્ટ** એક વખત વાપરીને ખાત્રી કરો કે જેનાથી વખત અને પૈસાનો બચાવ થવા સાથે આરામ થશે. **દરાજ નહીં જાય તો લીધેલા પઇસા પાછા આપવામાં આવશે એ અમારી જામીનગીરી છે.**

કીંમત ડબી ૧ ના ફક્ત ચાર આના.

દવા કેમ વાપરવી તે ડબીના લેબલ ઉપર જણાવેલું છે. દરેક અંગ્રેજી તથા દેશી ગાંધીને ત્યાં તેમજ અમારી પોતાની દુકાનેથી મલશે.

કેમીકલ ફુડ.

CHEMICAL FOOD.

એ ખોરાકની બનાવટમાં ખસુસ કરીને ફાસફેટ આફ લાઈમ અને ફાસફેટ આફ આએરન એ બે મુખ્ય ચીજો આવેલી છે. પેહેલી ચીજ વીશે એવું સીધ થયુંછે કે તે માણસ જાતનાં બદનની બાંધણીને ઘણું અનુસરતુ તત્વછે, તથા હાડકાંને મજબુતી આપનારૂં છે. બીજી ચીજ એવી છે કે બદનનાં લોહીને સુધારીને હમેસ ફરતું રાખે છે, એ વીશે નામીચો ડકટર "સીડની રીનજર' એવું કહેછેકે, સુકાઈ ગયલા માણસને પાછું તાજું કરવાને તથા દુરબલને બલ આપવાને એ ખોરક કુદરતી પોષણની માફક છે.

એવું પણ સીધ થયલું છે કે બદનનાં હાડકાંનાં અંદરનાં ભાગમાં જે પદારથ છે તેમાં કુદરતે તે ભાગ ફાસફેસ આફ લાઈમને બનાવેલો છે, તે બનાવટમાં ખામી હોવાથી પાચન શકતી બહુ ધીમે હોવાથી તેજદાર કરવા ફાસફેસ આફ લાઈમની ઘણી જરૂર છે, અને તે આએ ખોરાકમાં આવેછે તેથી એ ખોરાક બહુ ઉપયોગી છે.

હવે બીજી ચીજ ફાસફેટ આફ આએરન કે જે લોઢાંના અરકની બનાવેલી છે અને તે વધારે પાચન શકતી ધરાવે છે. આજે સેંકડો વરસો થયાં ડાકટરોએ પોતાના અનુભવથી એવાં

એવાં મતો આપ્યાંછે કે લોહીને સ્વચ્છ બનાવવું અને "બદન દરએક ભાગમાં લોહી ફરતું રાખવું."

કેમીકલ ફુડ—એ એવો રસાયણ સંજોગે બનાવેલો ખોરાક છે કે કોઈ પણ રીતનાં દુઃખ દરદ, વગેરે, પુરૂષ, સ્ત્રીઓ, તેમજ ન્હાનાં બચ્ચાંઓને પણ અતી ઘણો ઉપયોગી તથા ફાયદાકારક છે.

એ દવા ડાકટર લોકોએ કીયાં કીયાં મુખ્ય કરી દરદો ઉપર પીવા કહીછે, તે એ જે મોડાંનો ચેહેરો, બદનમાં બહુ નબલાઈ, દીવસમાં બહુ વાર ઝાહાડો, ઠોંસો, અથવા કફ, અંદરના ભાગનો સોજો, હાડકાંની કલતર, મગજવાની ભમરી, ખાવા પછીનું અજીરણ, ઘણી મેહેનત, તથા થાકથી તુટી ગયલી તનદરૂસતી, અને એ વીગેરે બીજાં અનેક દરદો ઉપર એ **સીરપ** સારી અસર કરેછે.

કેમ પીવો—ઉમરે પુગેલાંને દરએક ચમચી દિનમાં બેવાર થોડાં પાણીમાં. એક વરસનાં બાલકને ૬થી ૧૨ટીપાં, એ મુજબ ઉમર પરમાણે પાણીમાં આપવું.

વેચનાર—**વસનજી નથુની કંપની**

બાહારકોટ—**મુંબઈ.**

ઇસ્ટન સીરપ.

ESTN'S SYUP.

નામાંકીત **ડાક્ટર ઇસ્ટન આયર્ન, ક્વીનીન,** તથા **સ્ટ્રી-ચોનીઆનું** બનાવેલું સરબત.

બદનના ભાગમાં થતી **નબલાઈ, સાંધાનું દરદ, જીર્ણજવર** તથા ગરમ દેશમાં લાંબો વખત રહયાથી, તન અને મનને મેહેનત આપ્યાથી જે દરદો ઉતપન્ન થાય છે, તેવાં અનેક દરદોને નાબુદ કરવાને **સહુથી** વખણાયલો અને અકસીર ઈલાજ એજ છે કે **સીરપ** લાંબો વખત સુધી વાપરવું.

ઉપર લખેલ **સીરપ** એવી અછી બનાવટ તથા તદબીરથી

કીધેલુંછેકે એક સાધારણ તંદુરસ્તીવાલા આદમીની ઘણી મેહેનત તથા થાકના કારણને લીધે થતી નબલાઇને, તથા બગડતી તબીયતને તે તુરતજ અટકાવી શકે છે. તેમાં **જરૂર** કરીને મજબુત બાંધાનાં માણસને તે ઘણુ ઉપયોગી થઇ પડે છે.

એ **સીરપ** ઊંમરે પુગેલાં સ્ત્રી પુરૂષોને એક સરખી રીતે માફક આવે છે. તે એટલા સુધી કે **લોહીને પુષ્ટીપણું, સાંધાઓની શકતાઈ, આલસાઈને તેજદાર હોશીઆરી** આપી. માણુસ પુરતો તનદુરસ્ત થાય છે.

અરધી ચમચીથી એક આખી ચમચી સુધી અથવા **અરધા દરામથી એક દરામ** સુધી દીવસમાં બે વાર પાણીમાં લેવું.

વેચનાર—**વસનની નથુની કંપની**

બાહારકોટ—**મુંબઈ.**

વિજ્ઞપ્તિ.

જડેશ્વરના વર્ણનની ચોપડીમાં 'મિસીસ કોદુ અથવા છકેલી સ્ત્રી" એ નામનું પુસ્તક થોડા વખતમાં બાહાર પડશે એમ જાહેર ખબર આપેલ પરંતુઆમ વર્ગ તરફથી મિસીસ કોદુને બદલે મિસીસ મેરી અથવા છકેલી સ્ત્રી એવું નામ રાખવા સુચના થવાથી આગલ આપેલું નામ ફેરવવા જરૂર પડી છે. **કર્ત્તા.**

ઉપરનાં પુસ્તકો માટે પ્રસિદ્ધ પત્રો તથા સાક્ષરોએ ઉત્તમ અભિપ્રાયો આપેલ છે.

બાહારગામથી મગાવનારને પોસ્ટેજ જુદું પડશે.

પુસ્તકો મલવાનું ઠેકાણું—**વસનજી નથુની કંપની**
બાહારકોટ—મુંબઈ.

" आर्यहितोपदेश " तथा " मोक्ष पाठ " नां पुस्तक विषे अभिप्रायो.

Bombay 5 th July 1895.

Mr. Kalidas Motiram Dvivedi Vankanerkar has compiled a work entitled the Arrya Hitopadesh." A copy thereof was sent to me for my opinion. I have thoroughly glanced over the same small pamphlet, and I find that it would be very instructive and useful to the people of Gujarath and Kathiavad or the Gujarati speaking nation. This shows the ability of the comp- er as a Gujarati poet, from the poem composed in praise of The Almighty. I think that family should be without it. I am of o that the Author of this small bro uraged by the public by giving nage and support.

BAJIRAVA TATY

Certificated transl
Authorized transl
and Palanpore

(ઉપરના
મી. કા
' આર્ય
કરેલ

ડના લોકો અથવા ગુજરાતી બોલનારી પ્રજાને ઘણુ ઉપયોગી અને અસરકારક છે. આ પુસ્તકમાંની કવિતા વાંચી જોતાં ગ્રંથકર્ત્તાની કવિત્વ શક્તિ સારી જણાયછે. કોઈપણ કુટુંબ આ પુસ્તક વગરનું ન હોવું જોઇયે એવો મારો મતછે, વગેરે.

बाजीराव तात्या रावजी रणजित वर्मा.

મુંબઈ કાયકોર્ટ, મહીકાંઠા પોલીટીકલ એજન્સી અને પાલણપુર પોલીટીકલ. સુ. ના સનદી ટ્રાંસલેટર.

સુદર્શન—નડીયાદ તા. ૧ લી માર્ચ સન ૧૮૯૫ (તંત્રી મણીલાલ નભુભાઇ, બી. એ.)

મોક્ષપાઠ—નિત્ય મનનકરવાને ઉપયોગી થઇ પડે તેવા શ્લોકો રચીને ભાષાંતર સાથે પ્રસિદ્ધ કરેલછે. પુસ્તક રાખવા લાયકછે. રચનાર રા. કાલિદાસ મોતીરામ દવે.

કૃષ્ણસમાચાર—તા. ૧૩ આગષ્ટ સન ૧૮૯૪.

'આર્યહિતોપદેશ' કર્ત્તા, મી. કાલિદાસ મોતીરામ દ્વિવેદી, વાંકાનેર નિવાસી. આ ન્હાની એક આનાની ચોપડીમાં દરેશા- ં હિત વમનો બાળકો અને યુવાનોએ વાંચવા જોગછે.

ગ બંધુ—બહુધા તા. ૧૩ ડીસેમ્બર સન ૧૮૯૩.

' ખાતેથી નવું પ્રગટ થયેલું ' વર્તમાન તત્વદર્શક "
' પત્ર મલ્યુંછે, કે જેની સાથે તેના માલીક
ની નાની ચોપડી અમને મોકલવામાં
ીના બએ વાક્યના એકંદર ૨૩૭
ાથેગુજરાતી અર્થો લખેલાછે.
ોક્ષની વાંછના માટે પાઠ

આદિત્યહિતેચ્છુ
વગેરે પત્રો
લેલછે જે